# સાહિત્ય મંથન ટૂંકી વાર્તા સ્પર્ધા - ૨૦૨૬

## સ્પર્ધાના નિયમો અને શરતો

## ૧. પુરસ્કારની રકમ

**સ્પર્ધામાં વિજેતા બનનાર શ્રેષ્ઠ સર્જકોને પ્રોત્સાહિત કરવા માટે નીચે મુજબના પુરસ્કારો એનાયત કરવામાં આવશે :**

- પ્રથમ વિજેતા : રૂ. ૧,૧૦૦/- + ડિજિટલ પ્રમાણપત્ર (E-Certificate)
- દ્વિતીય વિજેતા : રૂ. ૭૫૦/- + ડિજિટલ પ્રમાણપત્ર (E-Certificate)
- તૃતીય વિજેતા : રૂ. ૫૦૦/- + ડિજિટલ પ્રમાણપત્ર (E-Certificate)

**નોંધ :** પ્રમાણપત્ર ફક્ત ડિજિટલ સ્વરૂપે જ મળશે, તેની કોઈ હાર્ડ કોપી આપવામાં આવશે નહીં.

## ૨. સ્પર્ધાની સમયમર્યાદા

- આ સ્પર્ધા વર્ષમાં માત્ર એક જ વાર યોજાશે.
- વર્ષ ૨૦૨૬ માટે વાર્તા સબમિટ કરવાનો સમયગાળો તારીખ ૧લી જૂન ૨૦૨૬ થી ૩૧મી જુલાઈ ૨૦૨૬ (રાત્રે ૧૨:૦૦ વાગ્યા સુધી) રહેશે.
- નિયત સમયમર્યાદા બાદ મળેલી કોઈપણ એન્ટ્રી સ્વીકારવામાં આવશે નહીં.

## 3. વયમર્યાદા અને પાત્રતા (Eligibility)

- **ભાષા અને જોડણી :** આ સ્પર્ધામાં ફક્ત ગુજરાતી ભાષામાં જ લખાયેલી ટૂંકી વાર્તાઓ સ્વીકારવામાં આવશે. વાર્તાની ભાષા શુદ્ધ હોવી જોઈએ અને 'સાર્થ જોડણીકોશ'ની જોડણી જ માન્ય ગણાશે.
- **વયમર્યાદા :** વાર્તા લેખન ક્ષેત્રે સર્જન કરતા અને ૪૦ વર્ષ કે તેથી ઓછી ઉંમર ધરાવતા યુવા સર્જકો જ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
- **પ્રકાશન શરત :** જે સર્જકનો એક પણ વાર્તાસંગ્રહ અત્યાર સુધી પુસ્તક સ્વરૂપે પ્રગટ ન થયો હોય, તેઓ જ પાત્ર ગણાશે.
- **જરૂરી દસ્તાવેજ :** એન્ટ્રી સબમિટ કરતી વખતે વય અને ઓળખના પુરાવા માટે જન્મનું પ્રમાણપત્ર, ડ્રાઇવિંગ લાઇસન્સ, પાસપોર્ટ અથવા અન્ય સત્તાવાર સરકારી ઓળખકાર્ડની ડિજિટલ નકલ જોડવી ફરજિયાત છે.

## ૪. શબ્દમર્યાદા અને નિયમો

- વાર્તા ઓછામાં ઓછા ૧,૫૦૦ શબ્દોની હોવી જોઈએ. મહત્તમ શબ્દોની કોઈ મર્યાદા નથી.
- એક સર્જક માત્ર એક જ વાર્તા મોકલી શકશે. એકથી વધુ એન્ટ્રી મોકલનારને સ્પર્ધા માટે અયોગ્ય (Disqualify) ઠેરવવામાં આવશે.

## ૫. લેખન અને સબમિશન પ્રક્રિયા (એક જ ફાઇલ પદ્ધતિ)

- **ફોર્મેટ અને ફોન્ટ :** સ્પર્ધા માટેની વાર્તા માત્ર માઇક્રોસોફ્ટ વર્ડ (MS Word - .docx) ફાઇલમાં, 'શ્રુતિ' (Shruti) ફોન્ટમાં ટાઇપ કરેલી હોવી જોઈએ.
- **ફાઇલ સેટઅપ (ખાસ નિયમ) :** સર્જકે માત્ર એક જ વર્ડ ફાઇલ અપલોડ કરવાની રહેશે, જેનું માળખું નીચે મુજબ હોવું જોઈએ :

  પ્રથમ પેજ (Page 1) : તમારી સંપૂર્ણ ટૂંકી વાર્તા.

  નવું પેજ (Page 2) : વાર્તા પૂરી થયા પછીના નવા પેજ પર 'લેખકની બાહેંધરી' ટાઇપ કરી તેની નીચે લેખકનું પૂરું નામ, સરનામું, મોબાઇલ નંબર અને ઈ-મેઇલ આઇડી ફરજિયાત લખવાના રહેશે.
- **માધ્યમ :** આ સળંગ સેટ કરેલી એક જ વર્ડ ફાઇલ 'સાહિત્ય મંથન'ની સત્તાવાર વેબસાઇટ પર જઈને, ત્યાં આપેલા 'Submit Paper' વિકલ્પ દ્વારા જ અપલોડ કરવાની રહેશે. ઈ-મેઇલ કે ટપાલ દ્વારા મોકલેલી એન્ટ્રીઓ સ્વીકારાશે નહીં.

## ૬. લેખકની બાહેંધરી (Declaration)

- વર્ડ ફાઇલના બીજા પેજ પર નીચે મુજબની બાહેંધરી લખવી ફરજિયાત છે :

  'આ વાર્તા મારી મૌલિક, સ્વરચિત અને અપ્રગટ (Unpublished) રચના છે. આ કૃતિ પુરસ્કૃત થાય કે ન થાય, પરંતુ તેને પ્રગટ કરવાના તમામ હક્કો 'સાહિત્ય મંથન'ને રહેશે, જેની સામે હું કોઈ પણ પ્રકારનું માનદ વળતર કે રોયલ્ટીનો દાવો કરીશ નહીં.'

  **લેખકનું નામ :** [અહીં તમારું નામ લખો]

  **સરનામું :** [અહીં તમારું સરનામું લખો]

  **મોબાઇલ નંબર :** [અહીં તમારો નંબર લખો]

  **ઈ-મેઇલ આઇડી :** [અહીં તમારું ઈ-મેઇલ લખો]

## ૭. પરિણામ અને પૂછપરછ

- **પરિણામની જાહેરાત :** સ્પર્ધાની મુદત પૂરી થયા પછીના 3 મહિના બાદ સ્પર્ધાનું પરિણામ 'સાહિત્ય મંથન'ની સત્તાવાર વેબસાઇટ પર મૂકવામાં આવશે.
- **પૂછપરછ અંગે નમ્ર અપીલ :** સ્પર્ધાની છેલ્લી તારીખથી લઈને 3 મહિના સુધી પરિણામ અંગે કોઈ પણ પ્રકારની પૂછપરછ (ફોન, ઈ-મેઇલ કે રૂબરૂ) કરી શકાશે નહીં.
- **વિજેતાઓની જાણ :** સ્પર્ધામાં વિજેતા તરીકે કે ખાસ અંક માટે પસંદગી પામેલા સર્જકોને 'સાહિત્ય મંથન' તરફથી સામેથી (સંપર્ક કરીને) જાણ કરવામાં આવશે.

## ૮. ખાસ અંક અને પ્રકાશનના હક્કો

- સ્પર્ધામાંથી પસંદ થયેલી શ્રેષ્ઠ વાર્તાઓને 'સાહિત્ય મંથન' મેગેઝિનના 'વિશેષ અંક' સ્વરૂપે પ્રગટ કરવામાં આવશે.
- જો કોઈ સર્જક પરિણામ જાહેર થયા બાદ પોતાની વાર્તાને આ ખાસ અંકમાં પ્રગટ કરવા ન ઈચ્છતા હોય, તો તેમણે પરિણામના ૭ દિવસની અંદર આયોજકોને લેખિત કે ટેલિફોનિક જાણ કરવાની રહેશે.
- સ્પર્ધાનું પરિણામ જાહેર થયા બાદ, 'સાહિત્ય મંથન'ની લેખિત અનુમતિ મેળવીને જ સર્જક આ વાર્તા અન્ય કોઈ જગ્યાએ પ્રકાશિત કરી શકશે.

## ૯. નિર્ણાયકોનો નિર્ણય

- વાર્તાઓના મૂલ્યાંકન અંગે આયોજકો અને નિર્ણાયક મંડળનો નિર્ણય આખરી અને સર્વોપરી રહેશે.
- આ બાબતે કોઈપણ પ્રકારની વાંધા અરજી, પત્રવ્યવહાર કે રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

આયોજક

**સાહિત્ય મંથન**

તારીખ : ૧ જૂન ૨૦૨૬